
## બ્રિજ પર દિવાળીની રોશનીને કારણે જાણે તાપી નદીએ હાર પહેર્યો…



■ દિવાળીના તહેવારને કારણે સુરત મહાપાલિકાએ તાપી નદી પર આવેલા વિવિધ બ્રિજ પર રોશની કરતાં એવો માહોલ રચાયો હતો કે જાણે તાપી નદીએ પોતાના ગળામાં બ્રિજરૂપી નેકલેસ પહેર્યો હોય. (તસવીરઃ હેમંત ડેરે)

## લિંબાયતમાં મોર્ડન ટાઉન નજીક શ્રમિક કિશોરી પર બળાત્કાર

સુરતઃ લિંબાયતમાં મોર્ડન ટાઉન નજીક ઝૂંપડપટ્ટીમાં રહેતી ને મજૂરી માટે આવેલી કિશોરી પર એક યુવાને બળાત્કાર ગુજાર્યો હતો. ઉનાળુ વેકેશન દરમિયાન રાજસ્થાનના બાસવાડાના વતની કિશોરી પિતા, ભાઈ અને ભાભી સાથે મજૂરી માટે સુરતમાં આવી હતી. પરિવાર લિંબાયત વિસ્તારમાં મોર્ડન ટાઉન પાસે મેદાનમાં ઝૂંપડપટ્ટીમાં રહેતો હતો. દરમિયાન બાસવાડાના કુશલગઢ ખેતાબારી ગામના વિકાસ નામના યુવાને કિશોરી સાથે પરિચય કર્યો હતો. તેણે રાજસ્થાનનો હોવાનું જણાવી કિશોરીને વિશ્વાસમાં લીધી હતી. કિશોરી પ્રેમજાળમાં ફસાઈ ગઈ અને રાત્રિના સમયગાળા દરમિયાન તેને મળવા માટે બોલાવી હતી. વિકાસે ત્યાં અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. કિશોરીની ફરિયાદને આધારે પોલીસે બળાત્કારનો ગુનો નોંધ્યો છે.

# કોસાડ ન્યૂ આદિનાથ ડેરીનું શુદ્ધ ઘી નકલી નીકળ્યું

**રીધમ** કાઉ ઘી, શ્રી મેલી ગોલ્ડ, શાશ્વત અને તશ્યા કાઉ ઘી નામથી નકલી ઘી વેચાતું હતું

સુરતઃ આરોગ્ય અધિકારી તથા ડેઝિગ્નેટેડ ઓફિસરના સીધા માર્ગદર્શન હેઠળ 03/10/2025ના રોજ બ્લોક નં.84, સરદારનગર ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે “શ્રી મહાદેવ ડેરી પ્રોડક્ટ્સ”, પ્રગતિ ઈકો પાર્ક, ભરથાણા-કોસાડ રોડ પરની “ન્યુ આદિનાથ ડેરી પ્રોડક્ટ્સ”, વેદાંત ટેક્સ કોસાડ ખાતેની તેની ગોડાઉન શાખા અને કોસાડ ગામની ઈવા એમ્બ્રોઈડરી પાર્ક-૨ સ્થિત “ન્યુ આદિનાથ ડેરી”માં તપાસ હાથ ધરાઈ હતી. તપાસ દરમિયાન ચારેય સ્થળેથી શંકાસ્પદ “ઘી”નો મોટો જથ્થો મળી આવ્યો હતો. ટીમે કુલ ૭ નમૂના એકત્ર કરીને લેબોરેટરીમાં મોકલ્યા છે. જેમાં “રીધમ કાઉ ઘી પ્યોર”, “શ્રી મૌલી ગોલ્ડ પ્રીમિયમ કાઉ ઘી”, “શાશ્વત પ્રીમિયમ કાઉ ઘી”, “તશ્યા પ્રીમિયમ કાઉ ઘી ખોર” સહિતની વિવિધ બ્રાન્ડનો સમાવેશ થાય છે.

તપાસ દરમિયાન “શ્રી મહાદેવ ડેરી પ્રોડક્ટ્સ”ના માલિક જયેશકુમાર રમેશચંદ્ર મૈસુરીયા, “ન્યુ આદિનાથ ડેરી પ્રોડક્ટ્સ”ના માલિક કિશોર દશરથલાલ નાસટીવાલા અને સેલ્સમેન અંકિત પંછીવાલા તથા “ન્યુ આદિનાથ ડેરી”ના માલિક દિનેશકુમાર તેજાભાઈ ગેલોન પાસેથી સેમ્પલો લેવામાં આવ્યા હતા. ફૂડ લેબોરેટરી તરફથી પૃથ્થકરણમાં આ ઘી નકલી હોવાનું માલુમ પડતા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-2006 અંતર્ગત કાયદેસરની કાર્યવાહી તેમજ કોર્ટ કેસ દાખલ કરવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે.

# શિવશક્તિ મિઠાઈની ટ્રેમાં વંદો મળ્યો

**ઘોડદોડ** રોડની દુકાનમાંથી 120 કિલો મીઠાઈનો નાશ, 10 હજારનો દંડ કરાયો

**દિવાળી** આવતા મોટા નામ ધરાવતી 12 દુકાનમાંથી 24 નમૂના લઈ તપાસ માટે મોકલાયા

સુરતઃ દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખી સુરત મહાનગરપાલિકાનો આરોગ્ય વિભાગ સક્રિય બન્યો છે. તહેવારની સિઝન દરમિયાન અખાદ્ય પદાર્થોનું વેચાણ ન થાય એ માટે પાલિકાએ શહેરભરમાં મીઠાઈની દુકાનો પર ચેકિંગ શરૂ કર્યું છે. મંગળવારે શહેરની 12 જાણીતી મીઠાઈની દુકાનોમાંથી કુલ 24 સેમ્પલ લઈ તપાસ માટે પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યાં છે.

પાલિકાના ફૂડ વિભાગે જુદા જુદા ઝોનમાં ટીમો બનાવી ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન ઘોડદોડ રોડ સ્થિત શિવશક્તિ મીઠાઈઓ અને નાસ્તો નામની દુકાનમાં ચોંકાવનારી સ્થિતિ સામે આવી હતી. જ્યાં મીઠાઈની ટ્રે પર વાંદો ફરતો જોવા મળ્યો હતો. આરોગ્ય વિભાગની ટીમ સામે શરૂઆતમાં મામલો દબાવવાનો પ્રયાસ થયો હોવાની ચર્ચા ઊઠી હતી. અંતે અધિકારીઓએ કાર્યવાહી કરી 120 કિલો અખાદ્ય મીઠાઈનો નાશ કરી સંસ્થાને 10,000નો દંડ ફટકાર્યો હતો. ફૂડ વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે, તમામ સેમ્પલ્સ તપાસ માટે મોકલાયાં છે અને રિપોર્ટ આવ્યા બાદ જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. દિવાળીના તહેવાર દરમિયાન ગ્રાહકોને શુદ્ધ ખોરાક મળે એ સુનિશ્ચિત કરવા માટે પાલિકા આગામી દિવસોમાં વધુ સઘન ચેકિંગ ઝુંબેશ હાથ ધરશે તેવી ચીમકી આપવામાં આવી છે.

### આ દુકાનોમાંથી લેવાયા સેમ્પલ

- કૈલાસ રેસ્ટોરન્ટ (દુકાન નં.1, 2 શ્રીનાથજી એપાર્ટમેન્ટ, ટીમલિયાવાડ, નાનપુરા),
- કૈલાસ સ્વીટ્સ માર્ટ અને રેસ્ટોરન્ટ (દુકાન નં.૧૮,૧૯ મિશન શોપિંગ સેન્ટર, અઠવાલાઈન્સ)
- આગ્રા સ્વીટ્સ (રહે.,શુભ મંગલ શોપિંગ સેન્ટર, સિટીલાઇટ રોડ)
- આગ્રા સ્વીટ અને નમકીન (દુકાન નં.6થી 8, G.F., મંગલદીપ એપાર્ટમેન્ટ, ભટાર રોડ)
- શિવશક્તિ મીઠાઈઓ અને નાસ્તો (4/2245A-pl no 7-8, શોપિંગ સેન્ટર, B-117, ગોપી માર્કેટ, રિંગ રોડ)
- શિવશક્તિમીઠાઈઓઅનેનાસ્તો(સ્વીટહોમબિલ્ડિંગ,ઘોડદોડરોડ)
- હરિયાણા મિસ્તાન ભંડાર (દુકાન નં.6થી 8, જી-2, આદર્શ માર્કેટ-2, રિંગ રોડ)
- શ્રી મહેશ્વરી કન્ફેક્શનર્સ (ટર્નિંગ પોઈન્ટ કોમ્પ્લેક્સ, ઘોડ ડોડ, રોડ)
- શ્રી મહેશ્વરી કન્ફેક્શનર્સ (1/533-534 પાઈકી શોપ નં.4, અમર શિલ્પ, ટીમલિયાવાડ, નાનપુરા)
- મુદિતાની મીઠાઈઓ (1/435 B, હીરા માણેક સ્ટ્રીટ, નાનપુરા)
- રાસ સાગર સ્વીટ હાઉસ (દુકાન નં.જી-૮, ૯ સાગર શોપિંગ સેન્ટર, સહરા દરવાજા)
- શ્રી શ્યામ ભોગ સ્વીટ્સ (ગોપાલ કોમ્પ્લેક્સ, પરવટ પાટિયા)

# બે મોટા ફેરફારો સાથે GST પોર્ટલ પર વાર્ષિક રિટર્ન ફોર્મ અપલોડ

**પહેલાં,** કરદાતાઓએ GSTR-1માંથી આખા વર્ષ માટે HSN કોડ-વાઇઝ ડેટા અલગથી કાઢીને અપલોડ કરવાનો રહેતો હતો, હવે આ સુવિધા પોર્ટલ પર જ ઉપલબ્ધ

સુરતઃ દર વર્ષની જેમ, આ વર્ષે GST વાર્ષિક રિટર્ન ફોર્મ GSTR-9 અને GSTR-9C બહાર પાડવામાં આવ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે, આ ફોર્મ ૧૩ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ અપલોડ કરવામાં આવ્યા છે. આ ફોર્મ સામાન્ય રીતે સપ્ટેમ્બરમાં ઉપલબ્ધ હોય છે. જો કે, આવકવેરા ઓડિટ રિપોર્ટ ફાઇલ કરવાની અંતિમ તારીખ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ છે. સામાન્ય રીતે, વાર્ષિક GST રિટર્ન ફક્ત IT ઓડિટ પૂર્ણ થયા પછી જ ફાઇલ કરવામાં આવે છે. તેથી, આ વર્ષે, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (CA) અને ટેક્સ કન્સલ્ટન્ટ્સ પાસે તેમના રિટર્ન ફાઇલ કરવા માટે મર્યાદિત સમય રહેશે.

GST વાર્ષિક રિટર્ન ફાઇલ કરવાની અંતિમ તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ છે. આ વર્ષે, GST પોર્ટલ પર વાર્ષિક રિટર્નમાં બે મોટા ફેરફારો કરવામાં આવ્યા છે.

પહેલો ફેરફાર એ નવી HSN-વાર ડેટા સુવિધાની રજૂઆત છે. ટેક્સ કન્સલ્ટન્ટ સીએ. નારાયણ શર્માએ જણાવ્યું હતું કે, પહેલાં, કરદાતાઓએ GSTR-1માંથી આખા વર્ષ માટે HSN કોડ-વાઇઝ ડેટા અલગથી કાઢીને અપલોડ કરવાનો રહેતો હતો. હવે, સરકારે આ સુવિધા પોર્ટલ પર જ ઉપલબ્ધ કરાવી છે. નવા ફોર્મમાં HSN-વાઇઝ ડેટા માટે એક અલગ ટેબલ છે, જે રિપોર્ટિંગને નોંધપાત્ર રીતે સરળ બનાવે છે. બીજો ફેરફાર એ છે કે પાછલા વર્ષના ITC માટે એક અલગ ટેબલ હોવાનો નોંધપાત્ર ફાયદો છે.

પહેલાં, વાર્ષિક રિટર્નમાં ચાલુ વર્ષમાં દાવો કરાયેલા પાછલા વર્ષના ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) દર્શાવવાની કોઈ જોગવાઈ નહોતી. આના કારણે CA અને કરદાતાઓનો મેળ ખાતો ન હતો. હવે, સરકારે આ હેતુ માટે એક અલગ ટેબલ ઉમેર્યું છે, જે પાછલા વર્ષના ITC સ્પષ્ટ રીતે દર્શાવે છે અને ભૂલોની શક્યતા ઘટાડે છે.

# સુરત અને ઉધના રેલવે સ્ટેશન પર મૂળભૂત સુવિધાઓમાં અનેક ખામી

**મુસાફરોને** થતી તકલીફો અંગે ચેમ્બર દ્વારા રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને રજૂઆત



સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના કાર્યવાહક પ્રમુખ અશોક જીરાવાલાના નેજા હેઠળ ચેમ્બરના ગૃપ ચેરમેન ડો.વિજય રાદડીયા અને ચેમ્બરની એસોસીએશન લાયઝન કમિટીના કો-ચેરમેન અતુલ પટેલ સહિતના પ્રતિનિધિ મંડળે કેન્દ્રિય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને રૂબરૂ મળી સુરત અને ઉધના રેલવે સ્ટેશનો પર મુસાફરોને પડતી વિવિધ સમસ્યાઓના નિવારણ માટે તથા દિવાળી દરમિયાન મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે સુરત - સૌરાષ્ટ્ર વચ્ચે હોલિડે સ્પેશિયલ ટ્રેનો શરૂ કરવા રજૂઆત કરી હતી.

સુરત અને ઉધના બંને રેલવે સ્ટેશનો પર મુસાફરો માટેની મૂળભૂત સુવિધાઓમાં અનેક ખામીઓ જોવા મળે છે, જેને તાત્કાલિક ધોરણે સુધારવાની જરૂર છે. ઉધના રેલવે સ્ટેશને યોગ્ય પાર્કિંગ સુવિધાનો અભાવ હોવાથી વાહનો પાર્ક કરવા મુશ્કેલી પડે છે અને તેને કારણે ટ્રાફિકજામ થાય છે. એવી જ રીતે સુરત રેલવે સ્ટેશને પ્લેટફોર્મ નં. ૨, ૩ અને ૪ ખાતે શેડ ન હોવાને કારણે મુસાફરોને તડકો અને વરસાદનો સામનો કરવો પડે છે. પ્લેટફોર્મ નં. ૨ અને ૩ ખાતે એસ્કેલેટરની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી વૃદ્ધ, ગર્ભવતી મહિલાઓ અને દિવ્યાંગ મુસાફરોને મુશ્કેલી પડે છે.

સૌરાષ્ટ્રના વિવિધ શહેરો જેવા કે રાજકોટ, ભાવનગર, જામનગર, મહુવા, ગાંધીધામ વગેરે માટે દિવાળી વેકેશન દરમિયાન હોલિડે સ્પેશિયલ ટ્રેનો શરૂ કરવાની પણ વિનંતી કરવામાં આવી હતી. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને સુરતની મુલાકાત લઈ ચેમ્બરના સભ્યો સાથે ‘ઓપોર્ચ્યુનિટીઝ ઓફ બિઝનેસ વીથ ઈન્ડિયન રેલવેઝ’ વિષે ઈન્ટરેક્ટિવ સેશનમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

# સોશિયલ મીડિયાથી પ્રેમમાં ફસાવી છેડછાડ

**ભાંડો** ફૂટતાં યુવતીએ સંબંધ રાખવાની ના પાડી તો સોશિયલ મીડિયા દ્વારા બદનામી કરવા લાગ્યો, ધમકીઓ પણ આપી

સુરતઃ વરાછાની એક યુવતીને સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રેમજાળમાં ફસાવી બ્લેકમેલ કરનારા દાહોદના યુવક વિરુદ્ધ પોલીસે છેડછાડ અને IT એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

પંકજ ઉર્ફે પ્રિન્સ કાનજીભાઈ તડવી (રહે. કાળીયાડોક ગામ, તા. સંજેલી, જી. દાહોદ)એ 25 જુલાઈ 2025થી વરાછાની એક યુવતી સાથે ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્ક સાધ્યો હતો. પોતાને B.Sc. પૂર્ણ કરેલો અને હાલ હોસ્પિટલમાં BHMSનો અભ્યાસ કરતો હોવાનું જણાવી યુવતી સાથે ફ્રેન્ડશીપ કરી હતી. થોડા સમય બાદ પ્રિન્સ તડવીએ યુવતીને લગ્નની વાતો કરીને વિશ્વાસમાં લીધી હતી. પરંતુ યુવતીએ તપાસ કરતા જાણ્યું કે આરોપી ન તો B.Sc. પાસ છે, ન તો BHMSનો અભ્યાસ કરે છે, તેણે અગાઉ લગ્ન કરી છૂટાછેડા લીધેલા છે.

આવું જુઠ્ઠાણું જાણ્યા બાદ જ્યારે યુવતીએ સ્પષ્ટ કહ્યું કે “હવે મારે તારી સાથે કોઈ સંબંધ રાખવો નથી”, ત્યારે આરોપીએ ધમકીઓ આપવી શરૂ કરી. તેણે યુવતીને જણાવ્યું કે, “જો મારી પાસે નહીં આવે તો તારા બધા ફોટા તારા માતા-પિતાને મોકલી દઈશ અને મારી પાસે તારા એડીટ કરેલા ન્યૂડ ફોટા પણ છે, જે વાયરલ કરી દઈશ.” એટલું જ નહીં, તેણે સોશિયલ મીડિયા પર બંનેના ફોટા વાયરલ કરીને યુવતીની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાની ધમકી આપી હતી.

### સુરતનું “સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફોર ક્લિન એન્વાયર્નમેન્ટ” દિશામાં એક નવું પગલું

# સુએઝ પમ્પિંગની આસપાસના વિસ્તારોને દુર્ગંધમુકત કરવા પ્રોજેક્ટ સાકાર કરાશે

**હાલમાં** શહેરના ત્રણ સુએઝ પમ્પિંગ સ્ટેશનમાં આ સિસ્ટમ કાર્યરત

**હવે** વધુ છ જગ્યાએ રૂપિયા 23.17 કરોડના ખર્ચે ‘ઓડર કન્ટ્રોલ સિસ્ટમ’ લાગશે

સુરત : શહેરના વિવિધ ઝોનમાં આવેલા સુએઝ પમ્પિંગ સ્ટેશનોમાં દુર્ગંધ નિયંત્રણ માટે આધુનિક “Odour Control System” સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ માટે રૂપિયા 23.17 કરોડના ખર્ચ સાથે 10 વર્ષના ઓપરેશન અને મેન્ટેનન્સનો સમાવેશ ધરાવતા પ્રોજેક્ટને મંજૂરી અપાઈ છે.

આ પ્રોજેક્ટ બાબતે માહિતી આપતા ડ્રેનેજ કમિટિ ચેરમેન કેયુર ચપટવાલાએ જણાવ્યું હતુ કે, શહેરમાં આવેલા કેટલાક પમ્પિંગ સ્ટેશનો રહેણાક વિસ્તારોની વચ્ચે આવેલી હોવાથી, ત્યાંથી નીકળતી દુર્ગંધ અને ગેસમાં રહેલા HS (Hydrogen Sulphide) ના પ્રભાવથી નાગરિકો તેમજ કર્મચારીઓને છેલ્લા કેટલાક વર્ષોથી તકલીફનો સામનો કરવો પડતો હતો.

આ સમસ્યાનું કાયમી અને વૈજ્ઞાનિક નિવારણ લાવવા માટે પાલિકાની ડ્રેનેજ કમિટીની બેઠકમાં “ઓડર કન્ટ્રોલ સિસ્ટમ” સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હાલમાં શહેરના ત્રણ પમ્પિંગ સ્ટેશનો પૈકી ખટોદરા (કાપડિયા હેલ્થ ક્લબ સામે), નોર્થ ઝોન ઉમરા અને વેસુ-ભરથાણા ખાતે આ સિસ્ટમ કાર્યરત છે.

હવે આગામી તબક્કામાં નીચેના 6 પમ્પિંગ સ્ટેશનોમાં નવી સિસ્ટમ સ્થાપિત થશે. આ તમામ સ્ટેશનોમાં આંતરરાષ્ટ્રીય ધોરણોની ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ ટેક્નોલોજી દુર્ગંધકારક ગેસને શોષી લઈ શુદ્ધ હવા બહાર છોડે છે, જેના કારણે આસપાસના રહેણાંક વિસ્તારોમાં વાયુપ્રદૂષણમાં પણ ઘટાડો થશે.

### આ વિસ્તારમાં નવી સિસ્ટમ સ્થાપિત થશે

» અઠવા સુએઝ પમ્પિંગ સ્ટેશન » પીપલોદ સુએઝ પમ્પિંગ સ્ટેશન » નવાગામ સુએઝ પમ્પિંગ સ્ટેશન » પાલ-પાલનપોર સુએઝ પમ્પિંગ સ્ટેશન » પાલ ફેઝ-2 સુએઝ પમ્પિંગ સ્ટેશન

### નાગરિકો માટેના લાભ

» પમ્પિંગ સ્ટેશન નજીકના વિસ્તારોમાં દુર્ગંધ અને વાયુપ્રદૂષણમાં ઘટાડો » કર્મચારીઓ માટે સ્વસ્થ કાર્ય પરિસર » હેલ્થ એન્ડ એન્વાયર્નમેન્ટલ ઈમ્પેક્ટમાં સુધારો » વરસાદી મોસમ દરમિયાન ગેસના દબાણમાં ઘટાડો

## સંક્ષિપ્ત સમાચાર

### સુરતમાં આઈ.એમ.એ.ના નવા હોદ્દેદારોનું પદસ્થાપન સમારંભ યોજાયો



સુરતઃ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈ.એમ.એ.) સુરત શાખા દ્વારા વર્ષ-2025-26 માટેના નવા હોદ્દેદારોના પદસ્થાપન સમારંભનું આયોજન આઈ.એમ.એ. હોલ ખાતે ભવ્ય રીતે કરવામાં આવ્યું હતું. આ અવસરે ડો.મુકુર પેટ્રોલવાલા અને તેમની ટીમે આઈ.એમ.એ. સુરતના નવા પ્રમુખ તરીકે સહિત પદભાર સંભાળ્યો હતો. સમારંભ દરમિયાન ચિકિત્સા શિક્ષણ સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તબીબી ક્ષેત્રના મહત્ત્વપૂર્ણ મુદ્દા પર ચર્ચા થઈ હતી. બાદ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા, જેમાં ડોક્ટરોએ ઉત્સાહભેર ભાગ લઈ મનોરંજનનો આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે પદ્મશ્રી યઝદી કરંજિયા, ઇન્સ્ટોલેશન ઓફિસર તરીકે ડો.રાજીવરાજ ચૌધરી તથા અન્ય આગેવાન મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડો.સોનલ ચાવડા અને ડો.તૃપ્તિ પટેલે કર્યું હતું. જ્યારે અંતમાં કાર્યકારી સમિતિના ઈનચાર્જ સચિવ ડો.હરેશ ભાવસારે આભાર વ્યક્ત કર્યો હતો.

### પીડી વિદ્યાકુંજ અંગ્રેજી માધ્યમ સ્કૂલમાં દિવાળીની ઉજવણી કરાઈ



સુરતઃ વનિતા વિશ્રામ સંચાલિત શ્રીમતી પી.ડી. વિદ્યાકુંજ અંગ્રેજી માધ્યમમાં મંગળવારે હિંદુ ધર્મના સૌથી મોટા તહેવાર દિવાળીની ઉજવણીનો કાર્યક્રમ શ્રીમતી જયોતિકાબેન રામનાનીના આગેવાની હેઠળ યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાની બાળાઓએ દિવાળીની પ્રવૃત્તિ દિયા મેકિંગ, દિયા ડ્રોઈંગ, કન્ડિલ મેકિંગ કરી હતી. તેમજ તેમને દિવાળીમાં બનાવાતા અને ખવાતા વિવિધ નાસ્તા વિશે અને અગિયારસથી લાભપાંચમ સુધીના અલગ અલગ દિવસનું તેમજ આપણે કેમ દિવાળી ઊજવીએ છે તેના વિશે માહિતી અપાઈ હતી તેમજ બાળાઓએ દિવાળી સોન્ગ પર ડાન્સ કર્યો હતો.

### પંચમ્ ગ્રુપની કિશોરકુમાર-શાનુ, મુમતાઝ અને સાધનાના ગીતોની સ્પર્ધા યોજાઈ



સુરતઃ ‘ગા મેરે મન ગા’ શ્રેણી અંતર્ગત પંચમ ગ્રુપ દ્વારા પાર્શ્વ ગાયક કિશોર કુમાર અને કુમાર શાનું તેમજ અભિનેત્રી મુમતાઝ અને સાધનાના ફિલ્મી ગીતોની સ્પર્ધાના જાહેર કાર્યક્રમો ૧૨મી ઓક્ટોબરના રવિવારે સ્વરાંગન સ્ટુડિયોમાં યોજાયો હતો. વિજેતાઓ એડવોકેટ વસંત રાઠોડ, સરોજ રાઠોડ, રૂપેશ પટેલ, તિતિક્ષા આગલે, પ્રકાશ રાવલ, સ્મિતા મેહતા, જયસુખ શુક્લા, સાજીદ ખાન, સુરેન્દ્ર મહિડા, દિલીપ વૈદ્ય, નૈષધ શુક્લા, સુરેન્દ્રસિંહ મહિડા, અનિલ દલાલ, અરવિંદ શીરસથ, કાદીર શેખ, સતીશ સોનાર અને વિનોદ ટેલરને પારિતોષિક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે કમલ ઉપાધ્યાય, સંગીતા જૈન અને પ્રકાશ સુરતીએ સેવા આપી હતી. પારિતોષિકની વ્યવસ્થા પંચમ ગ્રૂપે કરી. કાર્યક્રમનું સંચાલન સંગીતા જૈને કર્યું હતું.

### વેસુ ખાતે સાપ્તાહિનકા મહા મહોત્સવનું ધાર્મિક આયોજન

સુરતઃ લબ્ધિભૂમિ શ્રી ગુરુકૃપા શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ જૈન સંઘ, વેસુ ખાતે ’સાપ્તાહિનકા મહા મહોત્સવ’નું ભવ્ય ધાર્મિક આયોજન તા.૧૭ ઓક્ટોબરથી ૨૩ ઓક્ટોબર-૨૦૨૫ સુધી પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી અજિતયશ સૂરીશ્વરજી મ.સા. આદિઠાણા-૧૨ તથા સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં યોજાશે. મહોત્સવની શરૂઆતના દિવસે સવારે ૭:૧૫થી ૮:૩૦ કલાકે ગીતાર્થ ગચ્છાધિપતિશ્રીની ગુણાનુવાદ સભા યોજાશે. તા.૧૮થી ૨૦ ઓક્ટોબર દરમિયાન ત્રિદિવસીય શ્રી ભક્તામર મહાપૂજન અને તા. ૨૧ ઓક્ટોબરે પ્રભુવીર નિર્વાણ કલ્યાણક નિમિત્તે ભવ્ય મહાપૂજા યોજાશે. લાભાર્થી તરીકે ઇલાબેન ભરતભાઈ શાહ અને દીપાલીબેન જિગરભાઈ શાહ રહેશે. તા.૨૨ ઓક્ટોબરે નૂતન વર્ષ મહામાંગલિક નવસ્મરણે ગૌતમરાસનું આયોજન અને તા.૨૩ ઓક્ટોબરે જિનાલયમાં ભવ્ય સ્નાત્ર મહોત્સવ યોજાશે તેવી માહિતી નિખિલભાઈ શાહે આપી હતી.

### રીતુ પટેલે યોગ સિલેક્શન કેમ્પમાં તૃતીય ક્રમ મેળવી સુરતનું ગૌરવ વધાર્યું



સુરતઃ સુરત યોગા એસોસિએશન દ્વારા આયોજિત યોગ મહોત્સવ તથા નેશનલ યોગાસન ચેમ્પિયનશિપ માટેના સિલેક્શન કેમ્પનું આયોજન હિંદુ મિલન મંદિર, ગોપીપુરા ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અનેક પ્રતિભાશાળી યોગ ખેલાડીઓએ ભાગ લીધો હતો. તેમાં સુરતની પ્રતિભાશાળી ખેલાડી રીતુ પટેલે ઉત્તમ પ્રદર્શન કરી તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સિદ્ધિથી સુરતનું નામ ફરી એકવાર યોગ ક્ષેત્રે ઉજ્જવળ બન્યું છે. ધી સોસાયટી ફોર ફિઝિકલી હેન્ડીકેપ્ડ-સુરત તથા પેરા સ્પોર્ટ્સ એસોસિએશન, સુરતના ટ્રસ્ટી આનંદભાઈ એમ.શાહે રીતુ પટેલને પ્રોત્સાહિત કર્યા હતા અને આગામી નેશનલ ચેમ્પિયનશિપ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. યોગ મહોત્સવનો ઉદ્દેશ યુવાનોમાં યોગ પ્રત્યે જાગૃતિ લાવવાનો અને રાજ્ય સ્તરે પ્રતિભાઓને રાષ્ટ્રીય મંચ સુધી પહોંચાડવાનો હતો.

### શ્રી જલારામ સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા 250 વિધવા બહેનોને અનાજની કીટ



સુરતઃ દિવાળી પર્વ નિમિત્તે ભાગળ બાલાજી રોડ ખાતે આવેલા જલારામ મંદિરમાં શ્રી જલારામ સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા 250થી વધુ વિધવા બહેનોને તથા તેમ જરૂરિયાત મંદ બહેનોને અનાજની કિટ આપવામાં આવી હતી. છેલ્લા 30 વર્ષોથી જરૂરિયાત મંદ બહેનોને અનાજની કીટ દર મહિને આપવામાં આવે છે. જેમાં દિવાળીના સમયે સ્પેશિયલ કિટ આપવામાં આવે છે. શ્રી જલારામ સેવા મંડળ ટ્રસ્ટના બકુલભાઈ ઠક્કર અને હિતેશભાઈ વડેરાએ જણાવ્યું હતું કે, છેલ્લા 30 વર્ષોથી અમારી સંસ્થા દ્વારા વિધવા અને જરૂરિયાત મંદ બહેનોને મદદરૂપ થવા માટે એક પ્રયાસ કરીએ છીએ.

### સુરતના સહકારી અગ્રણી વર્ષાબેન ભટ્ટીને NCDCનો રાષ્ટ્રીય એવોર્ડ એનાયત



સુરતઃ સુરત ખાતે ધી મહિલા વિકાસ કો ઓ ક્રેડિટ સો લી સંસ્થાના સ્થાપક અને ચેરપર્સન વર્ષાબેન હરેશભાઈ ભટ્ટીને નેશનલ કોઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NCDC) દ્વારા બેસ્ટ એક્સેલન્સ એવોર્ડ 2025 (મહિલા કેટેગરી)માં ઇફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના હસ્તે આપવામાં આવ્યો છે. આ એવોર્ડ સાથે વર્ષાબેનને રૂ ૩૫,૦૦૦નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.